

## હે આત્મન !

સ્વીકારી લે તું સાધક છે
સ્વીકારી લે તું ગુરુહરિનો દાસ છું
સ્વીકારી લે ગુરુએ કૃપા કરી તારો સ્વીકાર કર્યો
સ્વીકારી લે ગુરુ તારો આત્મા છે.
હવે સાધના સરળ છે... જાગ્રત થઈ જા !
ગુરુહરિ સમર્થ છે... તે સ્વીકારી લે
ગુરુહરિના સંકલ્પે તારું જીવન છે
ગુરુહરિ પ્રતિપળ તને સેવે છે
ગુરુહરિ સદાય તને શુદ્ધ કરી રહ્યા છે
ગુરુહરિને તારા જન્મોની યાત્રા વિદિત છે.
સવારે ઊઠે... જાગ્રત થયા
દેહ હવે તું કહે તે માનશે
મન તેં ગુરુને સોંપ્યું છે
હવે તે તારું નહિ ગુરુનું માનશે
તે વિચાર કરીને મન જીતી લે
મન શુદ્ધ તો સમગ્ર તંત્ર શુદ્ધ
બધી જ ક્રિયા-વિચાર શુદ્ધ
તે અનુસંધાને જીવન તો ગુરુદેવ રાજી
તે રાજી તો અંતરે સહજ આનંદ
સહજાનંદની દિવ્ય દષ્ટિ પ્રાપ્ત થઈ
તે દષ્ટિએ તારી દષ્ટિ એક થઈ
હવે આસપાસ ચોપાસ સહજાનંદ
સહજાનંદ જેનો સ્વામી તે સર્વત્ર સર્વમાં
તો હવે... 'હું' ટળ્યું... હરિ રોમ રોમ વસ્યા
સાધક છું... તે પુરવાર કરી, ગુરુને રાજી કર્યા
હવે ગુરુ જે સુઝાડે... વર્તાવે તે કરતો જા
બ્રહ્માનંદ માણતો જા ! સહજાનંદ વ્હેંચતો જા !

સાધુ શીતળદાસના જય સ્વામિનારાયણ.

૮ ઑક્ટોબર ૨૦૨૦, બ્રહ્મજ્યોતિ, મોગરી



# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા